# વડોદરા શહેરી વિકાસ સત્તામંડળ

વુડા ભવન, એલ. એન્ડ ટી. સર્કલ, વડોદરા

## રિવાઇઝડ વિકાસ પરવાનગી

શ્રી પાર્ટનર ઓફ પાલવ ડેવલોપર્સ પરેશ ચમનલાલ સોની ગામ. ખાનપુર જી.વડોદરાના રે.સ.નં.૧૩૪, બ્લોકનં.૮૬ વાળી જમીનમાં ક્ષેત્રફળ ૧૦૪૨૧.૦૦ ચો.મી. માં બાંધકામ ક્ષેત્રફળ ગ્રાઉન્ડ ફલોર ૨૮૭૨.૦૯ ચો.મી. ફર્સ્ટ ફ્લોર ૩૨૩૬.૫૦ ચો.મી. સેકન્ડ ફ્લોર ૧૧૧૦.૪૯ ચો.મી. મળી કુલ બાંધકામ ક્ષેત્રફળ ૭૬૫૪.૦૮ ચો.મી.માં કુલ-૨૯ રહેણાંક મકાનો (પ્લોટેડ) તથા કોમનપ્લોટમાં કલબહાઉસના બાંધકામ માટે નીચેની ખાસ શરતોને અને પાછળ દર્શાવેલ સામાન્ય શરતોને આધીન રહી ને ગુજરાત નગર રચના અને શહેરી વિકાસ અધિનિયમ-૧૯૭૬ (સને ૧૯૭૬ ના રાષ્ટ્રપતિ અધિનિયમ નં.૨૭)ની કલમ-૩૪ હેઠળ લે-આઉટ અને કલમ-૨૯/૧(૧), ૨૯/૧(૨)હેઠળ વિકાસ પરવાનગી આપવામાં આવે છે.

**ખાસ શરતો :-**

૧.શહેરી વિકાસ અને શહેરી ગૃહનિર્માણ વિભાગના હુકમ ક્રમાંક : વનમ-૧૦૦૮-૩૨૬૦-લ, તા.૧૦/૩/૨૦૧૦ ની જોગવાઇ મુજબ કુલ-૧૫૬ વૃક્ષોનુ વાવેતર/જાળવણી કરવાની રહેશે.

૨. શહેરી વિકાસ અને શહેરી ગૃહનિર્માણ વિભાગના પરિપત્ર નં.પરચ/૧૦૨૦૦૪/૧૯૬૧/લ, તા.૨૭/૭/૨૦૧૦ ની જોગવાઇ મુજબ પરકોલેટીંગ વેલની જોગવાઇ કરવાની રહેશે.

૩. જી.ડી.સી.આર-૨૦૦૬ ની કલોઝ નં. ૩.૬ ની મેન્ડેટરી ડીસ્કલોઝરની જોગવાઇનો ચુસ્તપણે અમલ કરવાનો રહેશે.

૪. કોમન પ્લોટની માલિકી સોસાયટીના તમામ સભ્યોની સંયુકત રહેશે. કોમન પ્લોટ વેચી શકાશે નહી. કોમન પ્લોટમાં ગુજરાત વિદ્યુત બોર્ડના ટ્રાન્સફોર્મર માટે અલાયદી જગ્યા રાખવાની રહેશે.

૫. ગુજરાત રીયલ એસ્ટેટ રૂલ્સ-૨૦૧૬ની જોગવાઇઓનો ચુસ્તપણે અમલ કરવાનો રહેશે.

મંજુર કરેલ પ્લાનની નકલ આ સાથે સામેલ છે.

નગર નિયોજક
શહેરી વિકાસ સત્તામંડળ,
વડોદરા

નં.યુડીએ/પ્લાન-૨/પરવાનગી/ 39 /૨૦૧૭
શહેરી વિકાસ સત્તામંડળ,

# વડોદરા શહેરી વિકાસ સત્તામંડળ

વુડા ભવન, એલ. એન્ડ ટી. સર્કલ, વડોદરા


નં.યુડીએ/પ્લાન-૨/પરવાનગી/૩૭ /૨૦૧૭
શહેરી વિકાસ સત્તામંડળ, કારેલીબાગ,
વડોદરા – ૧૮.
તારીખ :- ૧૦- ૦૪ – ૨૦૧૭

પ્રતિ,
શ્રી પાર્ટનર ઓફ પાલવ ડેવલોપર્સ
પરેશ ચમનલાલ સોની
મુ.પો. ખાનપુર
તા. જી.વડોદરા

વિષય:-મોજે ખાનપુર, તા.વડોદરા જી.વડોદરાના રે.સ.નં.૧૩૪, બ્લોકનં.૮૬ વાળી જમીનમાં કુલ-૨૯ રહેણાંક મકાનો (પ્લોટેડ) તથા કોમનપ્લોટમાં કલબહાઉસના બાંધકામ માટે રિવાઇઝડ વિકાસ પરવાનગી આપવા બાબત.

સંદર્ભ :- આપની તા. ૨૦-૦૩-૨૦૧૭ ની અરજી.

ઉપરોકત વિષય અને સંદર્ભ બાબતે શરતી વિકાસ પરવાનગી તથા મંજુર કરવામાં આવેલ નકશા આ સાથે સામેલ છે. જે વિદીત થાય.

નગર નિયોજક
શહેરી વિકાસ સત્તામંડળ,
વડોદરા

બિડાણ :- (૧) વિકાસ માટે પરવાનગી પત્ર
(૨) મંજુર કરેલ નકશા.